## ડાયરેક્ટ ❤ સે

સાચી મિત્રતા
ઓશિકા જેવી હોય છે
થાક્યા હો ત્યારે
તેની સાથે
તમે હળવા થઈ શકો
દુખમાં તેના પર
આંસુ વહાવી શકો
ગુસ્સામાં તેને
મુક્કા મારી શકો
અને ખુશીમાં હો ત્યારે
તેને ભેટીય શકો

## જન્મદિને વધામણી



પ્રતાપસિંહ વરવાજી રાઠોડ



દિલીપકુમાર જી પ્રજાપતિ
માસ ફાઈનાન્સ, ગાંધીનગર



પ્રાર્થના
સંજયભાઈ ચુડાસમા
મો. ૯૮૯૮૦ ૭૦૬૬૫

## હવે યુવતીઓ પણ સૈનિક સ્કૂલમાં પ્રવેશ મેળવી શકશે

ગાંધીનગર, તા. ૩૧

ભારતીય રક્ષા મંત્રી નીર્મલા સીતારામને અગાઉ સ્ત્રી શકિતકરણ પર પોતાના એક પ્રવચનમાં કહ્યુ હતુ કે ઈન્ડીયન ડિફેન્સમાં યુવતીઓની સંખ્યા વધુ હોવી જોઈએ. ત્યારે હવે યુવતીઓ કે જે આર્મફોર્સની સાથે જોડાવવા માંગે છે તેમના માટે સારા સમાચાર છે. રક્ષા રાજ્યમંત્રી ડૉ. સુભાષ રામરાવ ભામરે આ વાતની પૃષ્ટિ કરી હતી કે, દેશની ૨૮ નેશનલ ડિફેન્સ એકેડેમીમાં યુવતીઓ પણ અભ્યાસ કરી શકશે. તેઓએ એમ પણ કહ્યુ હતુ કે, યુવતીઓને સ્કુલમાં પ્રવેશ આપવા અંગેની તમામ તૈયારીઓ થઇ ચુકી છે. હાલમાં નેશનલ ડિફેન્સ એકેડેમીમાં માત્ર યુવકો જ અભ્યાસ કરી શકતા હતા પરંતુ હવે સ્ત્રી સશક્તિકરની દિશામાં આગળ વધતા આ વિચાર અંતગર્ત હવે એનડીએમાં યુવતીઓ પણ અભ્યાસ કરી શકશે અને પોતાની પાંખો ભારતની સુરક્ષા વિભાગમાં પણ ફેલાવશે.

# ગાંધીનગરનાં સ્વિમર્સ રાષ્ટ્રકક્ષાએ ઝળક્યાં



ગાંધીનગર, તા. ૩૧

પાંચમી નૅશનલ માસ્ટર્સ ઍથ્લેટિક્સ ચૅમ્પિયનશીપ-૨૦૧૮ અંતર્ગત તરણ સ્પર્ધામાં ગાંધીનગરના સચિવાલય જીમખાનાના સ્વીમર્સને જ્વલંત સફળથા પ્રાપ્ત થઈ છે.

સચિવાલય જીમખાના, સૅક્ટર-૨૧ના સ્વીમિંગ કોચ કે જી ભગત તથા મહિલા કોચ મનિષા ત્રિવેદીની તાલીમ હેઠળ તૈયાર થયેલાં સ્વીમર્સે કર્નુલ, આંધ્રપ્રદેશ મુકામે પાંચમી નૅશનલ માસ્ટર્સ ઍક્વેટિક ચૅમ્પિયનશીપ-૨૦૧૮માં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. રાષ્ટ્રકક્ષાએ આ ચૅમ્પિયનશીપમાં ત્રીજી વખત ભાગ લઈ રાજ્યની ટીમે ઐતિહાસિક વિજય પ્રાપ્ત કર્યો હતો અને ગાંધીનગરને ગૌરવ અપાવ્યું હતું.

આ સ્પર્ધામાં ગાંધીનગરનાં સ્વીમર્સે ૯ ગોલ્ડ, ૨૨ સિલ્વર અને ૪ બ્રૉન્ઝ સહિત કુલ ૩૫ મૅડલ જીતીને જ્વલંત સફળતા પ્રાપ્ત કરી છે. આ ચૅમ્પિયનશીપમાં મનિષા ત્રિપાઠીને ૪ ગોલ્ડ, ૨ સિલ્વર, સિકંદર રસૂલ મુજાવરને ૧ ગોલ્ડ, ૨ સિલ્વર, રામભાઈ એલ પ રમારને ૧ ગોલ્ડ, ૩ સિલ્વર, શરદ જી વ્યાસને ૪ સિલ્વર, ૧ બ્રૉન્ઝ, ઈન્દ્રજિતસિંહ ઝાલાને ૧ સિલ્વર, સ્નેહા ચક્રવર્તીને ૧ ગોલ્ડ, ૫ સિલ્વર, કૃતિ ગાંધીને ૨ ગોલ્ડ, ૩ સિલ્વર અને રીચા બોઝને ૨ સિલ્વર તથા ૪ બ્રૉન્ઝ મૅડલ પ્રાપ્ત થયા હતા.

ઉલ્લેખનીય છે કે સમીર સિકંદર ખાન, ગિરીશ સેનમા, રમણલાલ પટેલ અને દિપક પ્રજાપતિએ સ્પર્ધાની દરેક ઈવેન્ટ સફળતાપૂર્વક પૂર્ણ કરતાં તેમને પાર્ટીસિપેશન સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યાં હતાં.

### સૅક્ટર-૭ના ચૌધરી કૉલેજ પરિસર ખાતે જિલ્લાના

# માનસિક દિવ્યાંગો માટે ખેલ મહાકુંભ યોજાયો







ગાંધીનગર, તા. ૩૧

સ્પેશિયલ ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લાના માનસિક વિશિષ્ટ ખેલાડીઓ માટે રમતોની સ્પર્ધાનું આયોજન બુધવારે કરવામાં આવ્યું હતું.

ચૌધરી કૉલેજ પરિસર, સૅક્ટર-૭ ખાતે આયોજિત આ સ્પર્ધા માટે ૩૩૦ જેટલા માનસિક દિવ્યાંગ ખેલાડીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જે પૈકી ૩૦૦ ખેલાડીઓએ ઉપસ્થિત રહી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. ઍથ્લેટિક્સ, બૅડમિન્ટન, સાઈકલિંગ અને બોચીનો સમાવેશ આ સ્પર્ધામાં કરવામાં આવ્યો હતો. પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થનારા ખેલાડીઓની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે પ્રતિ વર્ષ રાજ્ય ખેલ મહાકુંભમાં ગાંધીનગર જિલ્લામાંથી ૫૦થી વધુ ખેલાડીઓ ભાગ લે છે અને છેલ્લાં પાંચ વર્ષથી રાજ્યકક્ષાના રમતોત્સવમાં પ્રથમ દસ જિલ્લાઓમાં ગાંધીનગરને સ્થાન મળી રહ્યું છે.

આ રમતોત્સવને સફળ બનાવવા પૌરીન પટેલ, વિશ્વાસ મિસ્ત્રી, હાર્દિક રાઠોડ, રમેશભાઈ દેસાઈ, જિતેન્દ્ર પટેલ, પ્રકાશ ગોસ્વામી, ભોળાભાઈ પટેલ, પ્રૉ. વિનોદભાઈ ચૌધરી અને શ્રી પી કે ચૌધરી મહિલા કૉલેજની વિદ્યાર્થિનીઓએ ભારે જહેમત ઊઠાવી હતી, જેમના પ્રતિ કન્વીનર જિજ્ઞેશ રાવલ અને જિલ્લા રમતગમત અધિકારી વી બી દત્તા તરફથી આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

### ‘રાષ્ટ્રભક્તિ રસાશ્રિત આધુનિક સંસ્કૃત મહાકાવ્યોમાં શ્રી નરેન્દ્રવિજય-મહાકાવ્યમ’ વિષયે

# ગાંધીનગરમાં રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો




ગાંધીનગર, તા. ૩૧

ભારતીય શિક્ષણ મંડળ અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે ‘રાષ્ટ્રભક્તિ રસાશ્રિત આધુનિક સંસ્કૃત મહાકાવ્યોમાં શ્રી નરેન્દ્રવિજય-મહાકાવ્યમ’ વિષયે રાષ્ટ્રીય પરિસંવાદ રવિવારે ગાંધીનગર ખાતે યોજાયો હતો.

બ્રહ્માણી કૃપા હૉલ, સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩ ખાતે આયોજિત આ પરિસંવાદમાં સંસ્કૃત વિદ્વાનો અને ગાંધીનગરના નગરજનોની વિશેષ ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય પરિસંવાદના ઉદ્‌ઘાટક વિષ્ણુભાઈ પંડ્યાએ પોતાના પ્રવચનમાં ‘શ્રીનરેન્દ્રવિજય-મહાકાવ્યમ’ના પ્રણેતા ડૉ. અંબાલાલ પ્રજાપતિને આ ઉત્તમ કૃતિના સર્જન માટે અભિનંદન પાઠવી સંસ્કૃતના વિકાસ માટે બિરદાવ્યા હતા.

દિલ્હીથી પધારેલા સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન ડૉ. રમાકાન્ત શુક્લ, સાગર યુનિવર્સિટી, મધ્યપ્રદેશના કુલાધિપતિ ડૉ. બલવંત જાની, ડૉ. હર્ષદેવ માધવ, ડૉ. ગૌતમભાઈ પટેલ, ડૉ. યોગિનીબેન વ્યાસે મહાકાવ્ય અને તેના સર્જક ડૉ. પ્રજાપતિને બિરદાવ્યાં હતાં અને મહાકાવ્યનો ઉત્તરાર્ધ લખવાનું સૂચન કર્યુ હતું. પરિસંવાદમાં કુલ ૩૫ શોધપત્રો રજૂ થયાં હતાં. સંસ્કૃત કાવ્યગોષ્ઠિને અંતે ડૉ. વિષ્ણુભાઈ પુરોહિતે આભારવિધિ કરી હતી. ઉદ્‌ઘોષક તરીકે ડૉ. મનુભાઈ પ્રજાપતિએ પોતાની સેવાઓ આપી હતી.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વનવાસી વિસ્તારમાં સેવાકાર્ય





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મંગળવારે વનવાસી વિસ્તારમાં ગોઢ, સદ્રેશ્વર તથા ભેટાલી ખાતે ૧૩૨ લાભાર્થીને વિવિધ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૨ કિગ્રા ચોખા, ૫૦૦ ગ્રામ મોગર, ૮૦ પૅકેટ મકાઈનો ચેવડો તથા ૫૦ ટૉવેલનું વિતરણ લાભાર્થીઓને કરવામાં આવ્યુંહ તું. આ સેવાકાર્યમાં શશીકાંતભાઈ, મફતભાઈ વાઘેલા, મિલિન્દભાઈ અને ગામેતીભાઈ સંસ્થા વતી જોડાયા હતા.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૧૯મો મણકો ॥

આ બી એટલે વિચારનો ગર્ભ. કારણ કે સત્યાગ્રહ શબ્દ એ પછી તેર વર્ષે ગાંધીજી બોલ્યા છે.

પછી તો એ શહેર પણ ગાંધીજીને સમર્પિત કરવામાં આવ્યું હતું. આ ઘટનાના વર્ષો પછી નેલ્સન મંડેલાએ ગાંધીજીના પૌત્ર અને ભારતના તે સમયના રાજદૂત ગોપાલ ગાંધીને ગાંધીજીને નામે આ શહેર સમર્પિત કર્યું હતું. એ રીતે ગાંધીજીને ત્યાં યાદ કરવામાં આવે છે.

મુસાફરખાનામાં આખી રાત બેઠા બેઠા તેમણે વિચારો કર્યા. એ તેમણે આત્મકથામાં લખ્યા પણ છે. એક વિચાર એવો પણ આવ્યો’તો કે પાછો ચાલ્યો જાઉં. પણ પછી એમ પણ વિચાર્યું કે પાછો જાઉં તો કાયર કહેવાઉં.



આ વાત એમણે પોતાની આત્મકથામાં ન લખી હોત તો આપણને ખબર પણ ન પડત. પણ પોતાની કમજોરીની આ વાત એમણે લખી. પોતાની કમજોરી પ્રગટ કરવાનું સાહસ તેમનામાં હતું, એ હિંમત તેમને સત્યની ઉપાસનામાંથી મળી હતી.

એ પછી ઘોડાગાડીનો પ્રસંગ. ટ્રેન છેક સુધી જાય નહીં, એટલે થોડો રસ્તો ઘોડાગાડીમાં બેસીને કાપવો પડે. એમાં એમણે જે વર્ણન કર્યું છે એ ખલાસી એટલે કે કંડક્ટરે તેમની ટિકીટ જોઈને કહેલું કે આ તમારી ટિકીટ તો ગઈકાલની છે, એ આજે નહીં ચાલે.

આગલી સાંજે જ અપમાનનો પ્રસંગ બની ગયો હતો, મગજ ઉપર તાણ હતી તોય ગાંધીજીના મનમાં એટલી સ્વસ્થતા હતી કે તેમણે ટિકીટ જોઈ લીધી હતી. એ ટિકીટ ત્રણ દિવસ માટે વેલીડ હતી. એ અગાઉ તેમણે રેલવેવાળાને અને દાદા અબ્દુલ્લાને તાર પણ કરી દીધો હતો, એટલીય સ્વસ્થતા ખરી.

150 ગાંધીયાત્રા

કંડક્ટર તેમને ગોરા મુસાફરો પાસે બેસવા દેવા તૈયાર ન હતો. તેથી તેણે ગાંધીજીને કોચમેન સાથે બેસવા કહ્યું. આ પણ અપમાન જ હતું. પણ તોય ગાંધીજી કોચમેન સાથે બેસી ગયા ને મુસાફરી આગળ ચાલી. પણ અડધે રસ્તે કંડક્ટરને ધૂમ્રપાનની તલપ લાગી તેથી તેને કોચમેન સાથે બેસવું હતું. તેણે નીચે પગ મૂકવાની જગ્યા ઉપર એક મેલું ગૂણિયું ફેંકીને ગાંધીજીને કહ્યું, ‘આની પર બેસ.’ ત્યારે ગાંધીજીએ શબ્દો કહ્યા, ‘જુઓ સાહેબ, તમે મને કોચમેન સાથે બેસવાનું કહ્યું એ જ મારું પહેલીવારનું અપમાન હતું. મારી ટિકીટ તો બધા મુસાફરોની માફક ફર્સ્ટ ક્લાસની જ હતી. અને આ બીજીવારનું અપમાન.....’

વાક્ય પણ પૂરું કરે એ પહેલાં કંડક્ટરે ફટાફટ મારવાનું શરૂ કર્યું. મારતો જાય ને ગાળ દેતો જાય. બીજા પેસેન્જરો જોઈ રહ્યા હતા ને ગાંધીજી કડું પકડીને માર ખાઈ રહ્યા હતા. તેમણે લખ્યું છે, ‘કાંડું ખડી પડે તો ખડી જાય પણ કડું પકડ્યું તે પકડ્યું, છોડવું નહીં.’ ગાંધીજી મારનો જવાબ આપતા નહોતા. જવાબ આપવા ઈચ્છે તો પણ આપી શકે એવી તેમની શારીરિક શક્તિ પણ ન હતી. પણ કડું પકડીને બેસી રહ્યા. બીજા મુસાફરોએ કંડક્ટરને ટોકીને છોડાવ્યા. પણ આ તો એની ચોખ્ખી હાર હતી, તેથી આખે રસ્તે તેમને ધમકાવતા રહ્યા. ગાંધીજીએ બીજી કમજોરી લખી છે, આખે રસ્તે એ જ વિચાર કરતો હતો, હું પ્રિટોરિયા જીવતો પહોંચીશ કે નહીં. ઉતર્યા પછીય આમ તેમ જોતા હતા. એ દરમ્યાન દાદા અબ્દુલ્લાને તાર કર્યો હતો તે થોડાક માણસો લેવા આવ્યા હતા. તેમને જોઈને થયું, હાશ ! આમ બહારથી મેળવેલી હિંમતની જરૂર તેમને પડી એવું પણ તેમણે કબૂલ્યું છે. અંધારામાં બીતો મોહન એક સામ્રાજ્યનો સામનો કરી શક્યો એ વચ્ચેની આ સ્થિતિ હતી.

એ પછી જે બન્યું એના વિચાર શરૂ કર્યા. વિચાર્યું કે પલાયન એ કાયરતા છે અને કાયરતા ન ખપે. તો ? કષ્ટ સહન કરવું પડશે. કદાચ લાંબા ગાળાનું સહન કરવું પડશે તો તેની તૈયારી.


પછી વિચાર્યું કે ઓફિસરના નામે ફરિયાદ કરું તો એને કદાચ સજા પણ થાય. પણ મારા પછી જે માણસ હિન્દુસ્તાનથી આવશે અહીં ટ્રેનમાં એનું અપમાન નહીં થાય ?

અત્યાર સુધી મોહનદાસ કરમચંદ ગાંધી - પોતાના પરિવારને માટે વર્ષે દહાડે ૧૦૫ પાઉન્ડ કમાવા નીકળેલો માણસ, પારિવારિક સુખ શોધનારો માણસ, તેણે પછીથી આવનાર ભારતીયની ચિંતા કરી. ગાંધીજીની સામાજિકતાનો આ આરંભ. વ્યક્તિ મટીને તેમણે ‘કોમ’નો વિચાર કર્યો. કોમ એ ઊર્દૂ શબ્દ છે, જેનો અર્થ થાય છે રાષ્ટ્ર.

તેથી ફરિયાદ કરવાનું ટાળ્યું. વિચાર્યું, રોગનાં મૂળિયાં ઊંડા છે. રંગદ્વેષને તેમણે રોગ માન્યો ને ધક્કો મારનારને રોગી માન્યા. રોગ તેમને કાઢવો હતો, પણ રોગીને બચાવવા હતા. આ સત્યાગ્રહનું મૂળ તત્ત્વ. જુલ્મને સમાપ્ત કરવો હતો, પણ જુલ્મી બચે એની સામે એમને કોઈ વાંધો ન હતો. ગુલામી કાઢવી હતી પણ ગુલામી આપનાર માણસ સાથે તો મૈત્રીનો હાથ લંબાવવો હતો.

આમાં રોગ કે દૂષણ એ સિસ્ટમનું છે, વ્યવસ્થાનું છે, પરંપરાનું છે, વ્યક્તિનો દોષ નથી. વ્યક્તિ અને વ્યવસ્થાનો વિવેક એ સત્યાગ્રહમાં આવશ્યક છે.

સહન કરીશું અને વ્યક્તિગત હૂમલા માટે કોઈ ફરિયાદ નહીં, એવું નક્કી કર્યું. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક ‘ગાંધીકથા’
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ